# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE SHIVRATRI CELEBRATION

રાજ્યના શિવાલયોમાં આજે ભક્તિભાવપૂર્વક મહાશિવરાત્રિની ઉજવણી થઈ રહી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શિવજીના દર્શન માટે ઉમટી રહ્યા છે. દ્વારકા નજીક નાગેશ્વર મંદિર ખાતે સવારે ભક્તો મહાદેવને બીલી પત્ર, દૂધ અને જળાભિષેક કર્યા હતા. મંદિરના પૂજારી હરિશ ભારથીએ વધુ માહિતી આપી.

(બાઇટ: હરીશ ભારથી, પૂજારી)

દરમિયાન, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સોમનાથ મહાદેવના દર્શન કરી નાગરિકોની શાંતિ, સલામતી અને પ્રગતિ માટે ભગવાન શિવજીને પ્રાર્થના કરી.

(બાઇટ: હર્ષ સંઘવી – ગૃહ રાજ્યમંત્રી )

મહાપૂજા સાથે મહાશિવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ગીરસોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે દરિયાકિનારે તટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા 3 હજાર 500 થી વધુ ભકતોએ પાર્થેશ્વર શિવલિંગનું મહાપૂજન કર્યું. દ્વારકાના ખંભાળીયા અને કચ્છ જિલ્લાના ભૂજ ખાતે શિવજીની શોભાયાત્રા નીકળી હતી.દરમ્યાન બનાસકાંઠાના અંબાજી, બાલારામ, કોટેશ્વર, સહિતના શિવ મંદિરોમાં પૂજારીઓ અને પંડિતો દ્વારા વિશેષ પૂજા કરવામાં આવી.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજ ગામના જળાશયમાંથી 700 વર્ષ જૂનું પ્રાચીન રાજરાજેશ્વર અને નંદીકેશ્વર મહાદેવ મંદિર પાણી ઉતરતા બહાર આવ્યું હતું. ત્યારે શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યા હતા.

# NAGARYATRA

આજે અમદાવાદના 614માં સ્થાપના દિનની ઉજવણી નગરદેવી ભદ્રકાળીની નગરયાત્રા સાથે કરવામાં આવી હતી. સવારે સાડા સાત વાગે માતાજીની આરતી સાથે શરૂ થયેલી નગરદેવીની નગરયાત્રા જમાલપુર જગન્નાથ મંદિર સુધી પહોંચી હતી. માતાજીની પાદૂકાને રથમાં મૂકીને આ યાત્રા યોજાઇ હતી. મોટી સંખ્યામાં ભક્તજનો, અખાડા અને ભજનમંડળીઓના કિર્તન સાથે આ યાત્રા બપોર બાદ સંપન્ન થઇ હતી. બપોર બાદ આ નગરયાત્રા નિજમંદિરે પરત ફરી હતી.

આજના અમદાવાદના 614માં સ્થાપના દિનને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

**(બાઇટ- પરિમલ નથવાણી , રાજ્યસભા સાંસદ)**

# SURAT-AMRELI AAG

રાજ્યમાં આજે બે જગ્યાએ આગની ઘટના સામે આવી હતી. સુરતના શિવશક્તિ માર્કેટમાં ફરી આગની ઘટનામાં કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે અનેક દુકાનો આગની ચપેટમાં આવી હતી. હાલ આગ પર કાબુ મેળવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગઇકાલે બનેલી આગની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. અમરેલી જિલ્લાના સાવરકુંડલાના દરબારગઢના બે દરવાજા આગમાં ભસ્મિભુત થયા હતા.

# SURENDARNAGAR - BUDGET

સુરેન્દ્રનગર-વઢવાણ-દુધરેજ સંયુક્ત નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ ગઈકાલે પહેલીવાર વર્ષ 2025-26નું 751 કરોડ 58 લાખ રૂપિયાનું સામાન્ય અંદાજપત્ર મહાનગરપાલિકાના સભાખંડ ખાતે રજૂ કરાયું, જેમાં મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગામમાં પંચાયતે નક્કી કરેલા કરવેરાના દર યથાવત્ રખાયા છે.

અંદાજપત્ર માટે નગરજનો પાસેથી તેમના વિસ્તારના વિકાસની જરૂરિયાતો માટે વિચાર અને અંદાજપત્ર માટેના સૂચનો મગાવાયા હતા.

# RAJKOT – TB ELIMINATION

રાજકોટ જિલ્લામાં ટી.બી. નિર્મુલન અભિયાન અંતર્ગત “૧૦૦ દિવસ સઘન ટીબી નિર્મુલન ઝુંબેશ”ની કામગીરી શરુ કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજકોટના જિલ્લા ક્ષય કેન્દ્ર અને આયુષ્માન આરોગ્ય મંદિર, કસ્તુરબા ધામના સંયુકત ઉપક્રમે બી.જી.ગરૈયા આયુર્વેદ અને હોમોયોપેથીક મેડીકલ કોલેજ કાળીપાટ ગામ ખાતે વિનામુલ્યે એકસ-રે પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો કાળીપાટ, વડાવી, કસ્તુરબાધામ, અણીયારા સહિતના ગામના લોકોએ લાભ લીધો હતો.

# PATAN – HEMCHANDRACHARYA UNI.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સેતુ પ્રોગ્રામ અંતર્ગત જાતિય સમાનતા અને વિકાસ વિષય પર યુનિવર્સિટી ખાતે ગઇકાલે એક દિવસીય જનજાગૃતિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે કુલપતિની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના વક્તાઓ દ્વારા લિંગભેદ અને જાતિગત સમાનતા વિશે કાયદાકીય જોગવાઈઓ સહિત સામાજિક પરંપરાઓ અને રૂઢિઓ પર પ્રકાશ પાડી મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડા, અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)